માહીતી પત્રક-૨

જીલ્લાનું નામ : અરવલ્લી

તા ૧૧.૮.૨૦૧૫ ના રોજ અરવલ્લી જીલ્લામાં મોડાસા મુકામે યોજાયેલ લોક દરબાર માટે આવેલ રજૂઆતોની માહીતી

| અ. નં. | તારીખ | ફરીયાદીનું નામ-સરનામું પેટાવિભાગની વિગત. | અરજદારનો સંપર્ક નંબર | ફરીયાદની વિગત | વિભાગીય કચેરી/ પેટા વિભાગીય કચેરી | ફરીયાદના નિવારણ માટે જવાબદાર અધિકારીઓનાં નામ-નંબર. | કંપનીએ સ્થળ પર આપેલ જવાબ | નિકાલ/ સમય મર્યાદા |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૧ | ૧૭-૭-૨૦૧૫ | પટેલ સુરેશભાઇ મણિભાઈ - ૧૦ અંકુર સોસાયટી , મુ.પો.તા. ધનસુરા. જી. અરવલ્લી. | નથી | ભેંસાવાડા સીમાડાની સર્વે નં.૧૨૬ વળી જમીનમાં આવેલ અમારા કૂવા પર યુ.જી.વી.સી.એલ. તરફથી શિકા ફિડર માથી વીજ પ્રવાહ મળે છે. જેનું ટ્રાન્સફોર્મર રહિયોલ ગામના પ્રવેશના પાકા રસ્તા ઉપર નહેર પાસે લગાવેલ છે. આ ટ્રાન્સફોર્મર નહેર અને રહિયોલ પ્રવેશના રસ્તાના કાટખૂણે લગાવેલ છે. જે રોડ ની ઊચાઈ વધતાં ખાડામાં પાણી ભરાઈ જાય છે. ટ્રાન્સફોર્મર જે જગ્યાએ છે ત્યાં ચોમાસાની ઋતુમાં પાણી ભરાઈ જતાં. જ્યારે ટ્રાન્સફોર્મર ના લંગર ફોલ્ટ માં આવે ત્યારે નીચે પાણી હોવાથી વીજ કંપનીના કર્મચારીઓ માટે જોખમરૂપ જગ્યાને કારણે અમારો એ.જી.નો પાવર બંધ થઈ જાય છે. આ જ લાઇનમાથી અમારા ખેતરના ઘરોમાં વીજ પુરવઠો આવે છે. તો આ ટ્રાન્સફોર્મર ની જગ્યા બદલીને અન્ય જગ્યાએ સમતલ ભાગમાં ફેરવી આપવામાં આવે તો અમારી આ સમસ્યા દૂર થાય તેમ છે. વળી આ ટ્રાન્સફોર્મર જે જગ્યાએ છે તે જમીનના માલિક આ ખાડામાં પુરાણ પણ કરવા દેતા નથી એથી ચોમાસામાં અમારી લાઇન વારંવાર ફોલ્ટ થાય છે અને અમારી ફરિયાદને ધ્યાને લઈ વીજ કંપનીના કર્મચારીઓ આવે પણ છે ખાડામાં પાણી હોવાથી જીવના જોખમે કામ કરી શકતા નથી. તો આ બાબતે યોગ્ય કરી ટ્રાન્સફોર્મર રોડની સામે બાજુએ ઊભું કરી આપવા બાબત. | તલોદ/ધનસુરા | બી.સી. લેઉવા નાયબ ઈજનેર મોબાઇલ નં. ૯૮૭૯૨૦૧૬૩૬ | સદર બાબતે અરજદારના વિજજોડાણવાળું ટ્રાન્સફોર્મર સેંટર રોડની બાજુમાં આવેલ છે આ રોડ ની ઊચાઈ વધતાં ટ્રાન્સફોર્મર સેંટર નીચાણવાળા ભાગે આવેલ હોય તેવું લાગે છે. આ ટ્રાન્સફોર્મર સેંટર ના ડી.ઓ. અંગેની ફરિયાદ મળતા સત્વરે ફરિયાદનું નિવારણ કરવામાં આવેલ છે. ટ્રાન્સફોમર સેંટર ખસેડવા માટે સર્વેક્ષણ કરી કંપનીના નિયમ મુજબ કાર્યવાહી કરવામાં આવશે.સદર કામ તા. ૩.૯.૧૫ રોજ પૂર્ણ કરવામાં આવેલ છે. | નિકાલ |
| ૨ | ૧૭-૭-૨૦૧૫ | પટેલ કિર્તિભાઈ નારણભાઇ -મુ-જસવંતપુરા પો-નવિશિનોલ, તા- ધનસુરા જી.અરવલ્લી. | ૯૪૨૭૩૫૮૭૯૭ | લોક દરબાર ના કાર્યક્રમમાં મારા બોર કૂવા પર નવીન વિજજોડાણ મેળવવા માટે જરૂરી રજૂઆત કરવા અરજી ગ્રાહ્ય રાખવા બાબત. | તલોદ/ધનસુરા | બી.સી. લેઉવા નાયબ ઈજનેર મોબાઇલ નં. ૯૮૭૯૨૦૧૬૩૬ | આ અરજદારનું ચેકિંગ કરતાં વીજવપરાશ કરતાં હોવાનું માલૂમ પડતાં કલમ ૧૨૬ હેઠળ રૂ. ૭૨૦૦૦/- નું બિલ તા- ૧૯-૨-૨૦૧૫ ના રોજ આપવામાં આવેલ સદર કલમ-૧૨૬ હેઠળ આપવામાં આવેલ બિલ તેઓએ બોરમાં ઉતારેલ મોટરના બિલ જોતાં તેઓની રજૂઆતના આધારે બિલ ઘટાડીને રૂ. ૨૪૨૯૯/- નું તા. ૨૦-૫-૧૫ ના રોજ આપવામાં આવેલ છે જે બિલનાં નાણાં ભરપાઈ કરેલ નથી આ વીજ ચેકિંગવાળી જગ્યાએ તેઓનું તા- ૫-૨-૧૧ ની અરજી વાળું વિજજોડાણ મંજૂર થતાં તા- ૨૨-૮-૧૪ ના રોજ અંદાજપત્રના નાણાં ભરપાઈ કરેલ અને લાઇનનું કામ પૂરું થતાં તેઓએ તા-૩૦-૩-૧૫ ના રોજ ટેસ્ટ રિપોર્ટ રજૂ કરેલ છે. તા- ૧૯-૦૨-૧૫ ના રોજના ચેકિંગના અનુસંધાનેના બિલના નાણાં ભરપાઈ કરેલ ના હોવાથી વિજજોડાણ ચાલુ કરવામાં આવેલ નથી. | નિકાલ |
| ૩ | ૨૨-૭-૨૦૧૫ | પટેલ મોહનભાઇ ડાહ્યાભાઇ -મુ-પો-દોલપુર કંપા, તા- ધનસુરા જી.અરવલ્લી. | નથી | અમો ગ્રાહક નં - ૨૩૯૭૧/૦૦૨૨૬/૯ વાળું વિજજોડાણ ધરાવીએ છીએ આ વિજજોડાણ ખેતીવાડી જમીનમાં આવેલ છે તો આ વિજજોડાણ ૨૪ કલાક જ્યોતિગ્રામ પરથી આપવામાં આવે તો તેનો જે અંદાજપત્ર અમોને આપવામાં આવશે તે અમો ભરપાઈ કરવા માટે અમો તૈયાર છીએ તો અમારા આ વિજજોડાણને જ્યોતિગ્રામ ફિડર પરથી જોડી વિજપુરવઠો આપવા બાબત. | તલોદ/ધનસુરા | બી.સી. લેઉવા નાયબ ઈજનેર મોબાઇલ નં. ૯૮૭૯૨૦૧૬૩૬ | અરજદારનું વિજજોડાણ ખેતીવિષયક જમીનમાં બનાવેલ રહેણાકના મકાનમાં દોલપુર ખેતીવિષયક ફિડર પરથી આપવામાં આવેલ છે. આ ફિડર ઉપર ધનસુરા સબ સ્ટેશન ખાતે સ્પેશિયલ ડિજાઈન ટ્રાન્સફોર્મર મૂકવામાં આવેલ છે જેથી આ ફિડર ઉપર આપવામાં આવેલ સિંગલ ફેજ વીજજોડાણોવાળા ગ્રાહકોને થ્રી ફેજ વિજપુરવઠાના સમયગાળા સિવાય સિંગલ ફેજ ગ્રાહકોને ચોવીસ કલાક સિંગલ ફેજ વિજપુરવઠો મળી રહે છે. | નીતિવિષયક |

માહીતી પત્રક-૨

જીલ્લાનું નામ : અરવલ્લી

તા ૧૧.૮.૨૦૧૫ ના રોજ અરવલ્લી જીલ્લામાં મોડાસા મુકામે યોજાયેલ લોક દરબાર માટે આવેલ રજૂઆતોની માહીતી

| અ. નં. | તારીખ | ફરીયાદીનું નામ-સરનામું પેટાવિભાગની વિગત. | અરજદારનો સંપર્ક નંબર | ફરીયાદની વિગત | વિભાગીય કચેરી/ પેટા વિભાગીય કચેરી | ફરીયાદના નિવારણ માટે જવાબદાર અધિકારીઓનાં નામ-નંબર. | કંપનીએ સ્થળ પર આપેલ જવાબ | નિકાલ/ સમય મર્યાદા |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૨૧-૭-૨૦૧૫ | પટેલ બાબુભાઇ ગોબરભાઈ મુ.પો. ડેમાઈ, તા.બાયડ. જી.અરવલ્લી. | ૯૬૩૮૬૨૬૮૨૮ | મોજે ડેમાઈ ગામના રેવન્યુ સર્વે નં-૯૧૯ માં પટેલ બાબુભાઇ ગોબરભાઈ ના નામે ૫ હો.પા.નું ખેતીવાડી વિજજોડાણ માગેલ હતું. તેની અરજી તા-૧૭-૭-૨૦૧૩ ના રોજ નોધણીકરાવેલ હતી. ત્યારબાદ યુ.જી.વી.સી.એલ. કંપનીનો પત્ર આવેલ હતો તેમાં તેઓએ જી.પી.નં-૭૬૦૯ નંબરથી લખેલ હતું કે તમારી વિજજોડાણની અરજીના વિરૂદ્ધમાં પટેલ નરસિંહભાઈ ગોબરભાઈ ની વાંધા અરજી આવેલ છે. અને તમારે નવી નોટરી રજૂ કરવી નહીં તો તમારૂં વિજજોડાણ રદ કરવામાં આવશે ત્યારબાદ અમોએ પટેલ નરસિંહભાઈ ગોબરભાઈ તા. ૨૩-૩-૨૦૧૫ ની રોજ સ્ટેમ્પ ન.-૬૫૬/૨૦૧૫ પર નવીન નોટરી કરીને આપેલ છે. અને તે નોટરી કરવાના પટેલ નરસિંહભાઇ ગોબરભાઈ એ રૂ. ૧,૦૦,૦૦૦/- એક લાખ માગેલ હતા જે અમોએ તેઓને આપેલ છે. અને ત્યાર પછી તેઓએ નોટરી કરી આપેલ છે. અને સદર નોટરી કરી આપ્યા પછી તેઓએ વાંધા અરજી આપેલ છે. આમ બે વખત પટેલ નરસિંહભાઈ ગોબરભાઈએ સંમતિ આપેલ છે છતાં યુ.જી.વી.સી.એલ.કંપની વીજ જોડાણ આપવાની ના પડે છે અને નવીન નોટરી આપવી પડશે તેવું જણાવેલ છે. આ બાબતે અમોએ સ્વાગત કાર્યક્રમ અરવલ્લીમાં પણ રજૂઆત કરેલ અને મે.કલેક્ટર સાહેબે પણ કાર્યક્રમમા હાજર જૂનિયર ઈજનેરને કહેલ કે બે વાર સંમતિ આપી હોય તો કનેક્શન આપવું પડશે તેમ છતાં કંપનીની પેટા કચેરી બાયડ તરફથી કોઈ જવાબ મળેલ નથી તો યોગ્ય કરવા મારી નમ્ર અરજ છે. | તલોદ/બાયડ | આર.એમ.વસાવા. નાયબ ઈજનેર- ૯૮૭૯૨૦૧૬૩૧ | અરજદારે નવીન ખેતી વિષયક વિજજોડાણ મેળવવા માટે જે તે સમયે તેઓએ તેઓની માગણીવાળી જગ્યાના ભાગીદારોની સંમતિ મેળવી જે તે સમયે તેઓના ભાગીદારોના ફોટા સાથે નોટરી કરી સ્ટેમ્પ પેપર ઉપર સહીઓ કરી જરૂરી દસ્તાવેજો રજૂ કરતાં પટેલ બાબુભાઇ ગોબરભાઈ ના નામે તા- ૧૭-૭-૨૦૧૩ ના રોજ અરજી નોધણી કરાવેલ છે આ જમીન ના સહ ના ભાગીદાર શ્રી નરસિંહભાઈ કોદરભાઈ પટેલે સ્ટેમ્પમાં જે તે સમયે બનાવટી સહીઓ કરી હોવા ની વાંધાઅરજી રજૂ કરેલ છે. વાંધા અરજીનો નિકાલ થયેથી યુજીવીસીએલના પ્રવર્તમાન નિયમાનુસારની કાર્યવાહી કરવામાં આવશે. | નિકાલ |
| ૫ | ૨૧-૭-૨૦૧૫ | ગોસ્વામી મહેન્દ્રગીરી મણિગીરી અંબાજી મંદિર પાસે -મુ.પો.રડોદરા તા-બાયડ જી.અરવલ્લી. | નથી | રડોદરા ગામની સિમના ખેતીવાડી ગ્રાહક નં -૨૩૬૧૩/૦૦૪૧૩/૧ ના ઢીલા વાયર ખેચવા બાબત તથા આ વિજજોડાણના બંને પોલ નીચે થી તૂટી ગયેલ હોવાથી ખેતરમાં પડી જાય તેવા હોવાથી બદલી કરી આપવા માટે વારંવાર રજૂઆત કરવા છતાં કોઈ કાર્યવાહી થયેલ નથી. | તલોદ/બાયડ | આર.એમ.વસાવા. નાયબ ઈજનેર- ૯૮૭૯૨૦૧૬૩૧ | અરજદારની અરજીના અનુસંધાને સ્થળ તપાસ કરતાં વરસાદના કારણે તાણિયો નીકળી જવાથી વાયરો ઢીલા થયેલ છે તે કાર્ય તા. ૬.૦૮.૨૦૧૫ના રોજ પૂર્ણ કરવામાં આવેલ છે. | નિકાલ |
| ૬ | ૨૨-૭-૨૦૧૫ | પટેલ ભરતભાઇ દેવશીભાઈ મુ.પો.માધવકંપા તા.બાયડ, જી.અરવલ્લી. | નથી | અમારા માધવકંપા ની સીમમાં ગામની નજીક આવેલ ખેતર જેનો સર્વે નં,-૨૦ માં ખેતીની લાઇનનો લોખંડનો પોલ ૧૯૭૦ ની સાલમાં ઊભો કરેલ છે જે કાટ લાગવાથી સડી ગયેલ છે તો તે પોલ બદલી કરી નવીન પોલ ઊભો કરવા બાબત. | તલોદ/બાયડ | આર.એમ.વસાવા. નાયબ ઈજનેર- ૯૮૭૯૨૦૧૬૩૧ | સદર ફરિયાદ અનુસંધાને સ્થળ ઉપર તપાસ કરતાં ગર્ડર પોલ જોખમી માલૂમ પડેલ નથી. તેમ છતા તેનું જરૂરી સમારકામ ૮.૯.૧૫ ના રોજ પૂર્ણ કરેલ છે | નિકાલ |
| ૭ | ૨૨-૭-૨૦૧૫ | પટેલ છગનભાઇ ધનજીભાઇ તથા અન્ય ૯ ગ્રાહકો-મુ.પો. માધવકંપા ,તા.બાયડ, જી. અરવલ્લી. | નથી. | અમારા માધવકંપા ની સીમમાં પટેલ છગનભાઇ ધનજીભાઇ તથા અન્ય- ૯ ગ્રાહકો માટે મથુરવાસ પાસેની ડીપી. પરથી વિજજોડાણ ધરાવીએ છીએ ઉપરોક્ત કનેક્શનો એક જ ડીપી. માથી આપેલ હોવાથી લોડ પાડવાના કારણે વોલ્ટેજ ઓછા મળે છે તે ઉપરાંત ૪ થી ૫ લોખંડના પોલ ઘણા વર્ષો-૪૦ વર્ષ જૂના હોવાથી જમીન લેવલે કાટ લાગવાથી પડી જવ તેમ છે તથા આ પોલ ઉપરના વીજ વાયરો પણ ઢીલા થઈ ગયેલા છે તેથી વાવજોડા વખતે વાયરો ભેગા થઈ જાય છે અને પાવર ફોલ્ટ થાય છે . તેમજ આ એલ.ટી.લાઇનમાથી નજીકમાં ઊભા થયેલ ટ્રાન્સફોર્મર માં જોડવા બાબત. | તલોદ/બાયડ | આર.એમ.વસાવા. નાયબ ઈજનેર- ૯૮૭૯૨૦૧૬૩૧ | સદર અરજદારે હ્યાત એલ.ટી. લાઇનમાં ફેરફાર કરવાની રજૂઆત કરેલ છે તે અનુસંધાને પેટા વિભાગીય કચેરી તરફથી મોજણી કરવામાં આવેલ છે જેની સક્ષમ અધિકારી ધ્વારા મંજૂરી મળતા સદર ૮.૯.૧૫ ના રોજ પૂર્ણ કરેલ છે | નિકાલ |
| ૮.૧ | ૨૦-૭-૨૦૧૫ | ભારતીય કિસાન સંઘ - માર્કેટ યાર્ડ મુ.પો.તા. બાયડ જી. અરવલ્લી. | ૯૪૦૮૨૨૬૬૩૮ | કૃષિ જોડાણમાં સર્વે થયા પછી અંદાજપત્ર મળેલ નથી અને મટિરિયલ ના અભાવે કામમાં વિલબ થાય છે. | તલોદ/બાયડ | આર.એમ.વસાવા. નાયબ ઈજનેર- ૯૮૭૯૨૦૧૬૩૧ | નવીન ખેતીવિષયક વિજજોડાણો આપવા માટે વીજળીકરણ કરવા બાબતનો લક્ષયાંક અનુસાર અરજીઓની મોજણી કરી વિજજોડાણ આપવાપાત્ર થતાં અરજદારોને સક્ષમ અધિકારીની મંજૂરી મેળવી જે તે પેટા વિભાગીય કચેરીઓ ધ્વારા અગ્રતાક્રમ પ્રમાણે અંદાજપત્ર આપવામાં આવેછે. અરજદારો ધ્વારા ભરપાઈ થયેલ અંદાજપત્રના નાણાં ભરપાઈ થયે મલસામાનની ઉપલબ્ધતા પ્રમાણે લાઈનોનું જરૂરી કામ કરી વિજજોડાણો ચાલુ કરવામાં આવે છે. હાલના તબક્કે તા- ૩૧-૧૨-૨૦૧૨ સુધી જ નોધાયેલ અરજદારોને અંદાજપત્ર આપવામાં આવેલ છે અને તા- ૩૧-૩-૨૦૧૫ સુધી અંદાજપત્રો ભરપાઈ થયેલ હોય તેવા અરજદારોના વીજ જોડાણોના કામો પૂરા કરવામાં આવેલ છે. | નિકાલ |

માહીતી પત્રક-૨

જીલ્લાનું નામ : અરવલ્લી

તા ૧૧.૮.૨૦૧૫ ના રોજ અરવલ્લી જીલ્લામાં મોડાસા મુકામે યોજાયેલ લોક દરબાર માટે આવેલ રજૂઆતોની માહીતી

| અ. નં. | તારીખ | ફરીયાદીનું નામ-સરનામું પેટાવિભાગની વિગત. | અરજદારનો સંપર્ક નંબર | ફરીયાદની વિગત | વિભાગીય કચેરી/ પેટા વિભાગીય કચેરી | ફરીયાદના નિવારણ માટે જવાબદાર અધિકારીઓનાં નામ-નંબર. | કંપનીએ સ્થળ પર આપેલ જવાબ | નિકાલ/ સમય મર્યાદા |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮.૨ | ૨૦-૭-૨૦૧૫ | ભારતીય કિસાન સંઘ - માર્કેટ યાર્ડ મુ.પો.તા. બાયડ જી. અરવલ્લી. | | ડેમાઇ પંચાયતના પેટાપરા -હરજીપૂરા વોટર વર્કસ ના વિજજોડાણ નું અંદાજપત્ર ભરાઈ ગયેલ હોવા છતાં વિજજોડાણ મળેલ નથી. | તલોદ/બાયડ | આર.એમ.વસાવા. નાયબ ઈજનેર- ૯૮૭૯૨૦૧૬૩૧ | ડેમાઈ પંચાયતના પેટાપરા હરજીપૂરા ખાતે વોટર વર્કસ નું વિજજોડાણ મેળવવા માટે તા- ૧૫-૭-૧૪ ના રોજ અરજી નોધણી કરાવવામાં આવેલ જેનું અંદાજપત્ર તા-૧-૯-૧૪ ના રોજ આપવામાં આવેલ જે અંદાજપત્રના નાણાં ભરપાઈ થયેલ નથી તેથી વિજજોડાણ આપવામાં આવેલ નથી. | નિકાલ |
| ૮.૩ | ૨૦-૭-૨૦૧૫ | ભારતીય કિસાન સંઘ - માર્કેટ યાર્ડ મુ.પો.તા. બાયડ જી. અરવલ્લી. | | એલ.ટી.લાઇનમાં કૃષિમાં સમયસર મેન્ટેનન્સ થતું નથી જેથી લાઈનો ફોલ્ટ માં જાય છે. વાયરો ઠીલા હોવાથી ટ્રેક્ટર તથા હાર્વેસ્ટોર ને પાકની કાપણીમાં નડે છે. વાયરો સ્પાર્ક થવાથી પાક બળી જવાના કિસ્સા બનેલ છે. જેનું આજદિન સુધી વળતર મળેલ નથી. | તલોદ/બાયડ | આર.એમ.વસાવા. નાયબ ઈજનેર- ૯૮૭૯૨૦૧૬૩૧ | સમયાંતરે લાઈનોનું જરૂરી સમારકામ કરવામાં આવે છે તેમ છતાં વાયરો ઢીલા હોય કે તે વાયરોને પૂરતી ઊંચાઈનાહોય તો જે તે અરજદાર/ગ્રાહકની રજૂઆત મળતા પણ સમારકામ કરવામાં આવે છે. વાયરો સ્પાર્ક થઈ ઘઊ બળી જવાના કિસ્સામાં કંપની ધ્વારા જે તે ગ્રાહક પાસેથી માગવામાં આવેલ જરૂરી માહિતી/દસ્તાવેજો પૂરા પાડતાં કંપનીના નિયમ પ્રમાણે વળતર આપવામાં આવે છે. | નિકાલ |
| ૮.૪ | ૨૦-૭-૨૦૧૫ | ભારતીય કિસાન સંઘ - માર્કેટ યાર્ડ મુ.પો.તા. બાયડ જી. અરવલ્લી. | | કૃષિ જોડાણમાં ડીપીઓ સમયસર ફેઇલ થયેલ હોય તો તેને બદલી આપવા અગ્રિમતા આપવી જોઈએ . | તલોદ/બાયડ | આર.એમ.વસાવા. નાયબ ઈજનેર- ૯૮૭૯૨૦૧૬૩૧ | કોઈપણ ગ્રાહક/ગ્રાહકનું ટ્રાન્સફોર્મર બળી/ફેઇલ થઈ જાય તો નિયત સમય મર્યાદામાં બદલી આપવામાં આવે છે | નિકાલ |
| ૮.૫ | ૨૦-૭-૨૦૧૫ | ભારતીય કિસાન સંઘ - માર્કેટ યાર્ડ મુ.પો.તા. બાયડ જી. અરવલ્લી. | | કૃષિ જોડનોમાં સર્વે કર્યા પછી તાત્કાલિક અંદાજપત્ર આપી જોડાણ જડપથી આપવા અનુરોધ છે. જેથી સમયસર ખેડૂતો વાવેતર કરી શકે. | તલોદ/બાયડ | આર.એમ.વસાવા. નાયબ ઈજનેર- ૯૮૭૯૨૦૧૬૩૧ | નવીન ખેતીવિષયક વિજજોડાણો આપવા માટે વીજળીકરણ કરવા બાબતનો લક્ષ્યાંક અનુસાર અરજીઓની મોજણી કરી વિજજોડાણ આપવાપાત્ર થતાં અરજદારોને સક્ષમ અધિકારીની મંજૂરી મેળવી જે તે પેટા વિભાગીય કચેરીઓ ધ્વારા અગ્રતાક્રમ પ્રમાણે અંદાજપત્ર આપવામાં આવેછે. અરજદારો ધ્વારા ભરપાઈ થયેલ અંદાજપત્રના નાણાં ભરપાઈ થયે લાઈનોનું જરૂરી કામ કરી વિજજોડાણો નિયત સમય મર્યાદા માં ચાલુ કરવામાં આવે છે. | નિકાલ |
| ૮.૬ | ૨૦-૭-૨૦૧૫ | ભારતીય કિસાન સંઘ - માર્કેટ યાર્ડ મુ.પો.તા. બાયડ જી. અરવલ્લી. | | કૃષિ વિજજોડાણમાં અન્ય ભાગીદારોની સંમતિમાટે સોગંદનામું -નોટરી બે વખત કેમ લેવામાં આવે છે. | તલોદ/બાયડ | આર.એમ.વસાવા. નાયબ ઈજનેર- ૯૮૭૯૨૦૧૬૩૧ | કોઈપણ વિજજોડાણ મેળવવા માટે માગણીવાળી વિજજોડાણ વાળી જગ્યા એક કરતાં વધારે માલિક કે ભાગીદાર હોય તો તેઓની વિજજોડાણ આપવા બાબતે વાંધો ના હોવા બાબતે સહીની ખરાઈ અનુસંધાને નોટરી કરાવવામાં આવે છે. વધુમાં નવીન ખેતીવિષયક વિજજોડાણોની અરજીની તારીખથી વિજજોડાણ આપવાપાત્ર થતું હોય તે સમયગાળો વધારે હોવાથી માલિક/ભાગીદારો ની હોવા બાબતની અને માલિકીપણા ના ખરાઈ અનુસંધાને ફરીથી નોટરી કરેલું સંમતિ પત્ર લેવામાં આવે છે. | નિકાલ |
| ૯ | ૧૬-૭-૨૦૧૫ | પટેલ પુનમભાઇ મગનભાઇ -૬૫- સહજાનંદ સોસાયટી - એસ.ટી.બસ સ્ટેન્ડ પાસે- મુ.પો.તા-બાયડ | ૯૪૨૭૩૮૧૨૭૮ | અમો અરજદાર શ્રી પુનમભાઈ મગનભાઇ પટેલ બાયડ એસ.ટી.સ્ટેન્ડ પાસે આવેલ સહજાનંદ સોસાયટી માં ૬૫ નં ના મકાનમાં રહીએ છીએ અમારા ઘરની પાછળના ભાગમાં કોમન પ્લોટ આવેલ છે જેમાં ડી.પી.ઊભી કરેલ છે. જે ડી.પી.માથી વારંવાર વિજફોલ્ટ ના કારણે વીજ તણખા થાય છે. અને એ વિસ્તારમાં વારંવાર આ ઘટના થાય છે.જે બાબતે અમોએ બાયડ પેટા કચેરી માં તા- ૨-૬-૧૫ ના રોજ આ બાબતની અરજી પણ આપેલ છે. પરંતુ બાયડ પેટાવિભાગીય કચેરી તરફથી કોઈ કાર્યવાહી થયેલ નથી. આ બાબત અમોએ મામલતદાર કચેરીમાં મુખ્યમંત્રી ઓનલાઇન કાર્યક્રમમાં પણ આ બાબતે રજૂઆત કરી હતી. સરકારશ્રીના ધારાધોરણ મુજબ સોસાયટીના કોમન પ્લોટમાં બાળકો તથા વડીલો માટે હરવા ફરવા માટેની જગ્યા છે જેમાં આ કોમન પ્લોટ માં ડી.પી.ઊભી કરતાં બાળકો માટે જોખમ છે. જો આ ડી.પી. અમારા પાછળના ભાગમાં લાખેશ્વરી રસ્તાવાળા ભાગમાં ફેરબદલી કરી આપવા બાબત. | તલોદ/બાયડ | આર.એમ.વસાવા. નાયબ ઈજનેર- ૯૮૭૯૨૦૧૬૩૧ | સદર પ્રશ્ન બાબતે જણાવવાનું કે બાયડ પેટા કચેરી ના નાયબ ઈજનેર ધ્વારા સ્થળ રૂબરૂ તપાસ કરતાં સદર સહજાનંદ સોસાયટી વાળી ડી.પી. સોસાયટીએ ટ્રાન્સફોર્મર ઊભું કરવા માટે આપેલી ખાસ જગ્યા કોમન પ્લોટમાં ઊભી કરેલી જે ડી.પી. છે તેની આસપાસ ફેન્સિંગ (જાળી) લગાવેલ છે. સદર ટી.સી. ઉપર ડિસ્ટ્રિબ્યૂશન બોક્સ લગાવેલ છે. આપશ્રીનું મકાન સદર ડી.પી. થી આશરે ૨૫ ફૂટ જેટલું દૂર છે. જે સલામત અંતરે છે. દરેક સોસાયટીનું જનરલ વીજળીકરણ કરવામાં આવે છે ત્યારે તે સોસાયટીના બિલ્ડર/ પ્રમુખ/ મંત્રીશ્રીએ ફાળવેલ કોમન પ્લોટમાં જ તે સોસાયટી માટે ડી.પી./ટ્રાન્સફોર્મર સેંટર જે તે સમયે સર્વેસંમતિથી જ નાખવામાં આવેલ છે. સદર ડી.પી.ને ખસેડીને બીજાની જગ્યામાં નાખવામાં આવે તો ઘણા અવરોધો ઊભા થાય છે. કોટની બહાર ડી.પી.ખસેડી શકાય નહીં. કારણ કે સદર ડી.પી. સહજાનંદ સોસાયટીના રહીશો માટે છે. કોટની બહાર ડી.પી.લઈ જવામાં રસ્તો સાંકડો થાય અને જાહેર જનતાને વધુ અડચણ રૂપ થાય તેમ છે. વધુમાં સદર ડી.પી. સહજાનંદ સોસાયટીના વિસ્તારમાં અન્ય કોઈ જગ્યાએ સર્વાનુમતે પ્રમુખ/મંત્રી નક્કી કરીને લેખિતમાં જાણ કરે તો જરૂરી અંદાજપત્ર ભરપાઈ કરી સોસાયટી જ્યાં ખસેડવાનું સૂચન કરે તો ત્યાં અત્રેની કચેરી ખસેડી આપશે પરંતુ અમારી દ્રષ્ટિએ સહજાનંદ સોસાયટીના જ વિસ્તારમાં હાલની જગ્યાએ ડી.પી. જ્યાં ઊભી છે તેનાથી વધુ સલામત કોઈ જગ્યા નથી. સદર ડી.પી.રહેણાક વિસ્તારમાં જોખમી નથી અને સોસાયટીના અન્ય મકાનોથી પણ સલામત અંતરે છે તથા સોસાયટીએ ફાળવેલ જગ્યામાં જ છે જેથી ડી.પી.ખસેડવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. | નિકાલ |

માહીતી પત્રક-૨

જીલ્લાનું નામ : અરવલ્લી

તા ૧૧.૮.૨૦૧૫ ના રોજ અરવલ્લી જીલ્લામાં મોડાસા મુકામે યોજાયેલ લોક દરબાર માટે આવેલ રજૂઆતોની માહીતી

| અ. નં. | તારીખ | ફરીયાદીનું નામ-સરનામું પેટાવિભાગની વિગત. | અરજદારનો સંપર્ક નંબર | ફરીયાદની વિગત | વિભાગીય કચેરી/ પેટા વિભાગીય કચેરી | ફરીયાદના નિવારણ માટે જવાબદાર અધિકારીઓનાં નામ-નંબર. | કંપનીએ સ્થળ પર આપેલ જવાબ | નિકાલ/ સમય મર્યાદા |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧૦ | ૨૩-૭-૨૦૧૫ | પટેલ જયંતિભાઈ નાથાભાઇ મુ.પો.ભૂડાંસણ, તા. બાયડ, જી. અરવલ્લી. | ૯૪૨૬૩૮૫૨૮૭ | અમો અરજદારશ્રી પટેલ જયંતિભાઈ નાથાભાઇ ખેતીવિષયક વિજજોડાણના ચેકિંગ ટીમે આપેલા ગેરનીતિના બિલ અંગે સત્ય હકીકત રજૂ કરી લોક દરબારમાં ન્યાય મેળવવા બાબત. મે 20 એચ.પી.કનેક્શન માથી ૧૦+૧૦ એચ.પી.ના વિભાજન માટે તા- ૨૩-૧૧-૨૦૦૨ ના રોજ અરજો કરેલ તથા ટેસ્ટ રિપોર્ટ આપેલ છે છતાં પેટાવિભાગીય કચેરી ચોઇલામાં સદર રેકોર્ડ ઉપલબ્ધ નથી તેવું જણાવી મને અન્યાય થાય છે. મારી પાસે અસલ પાવતી તથા વિભાજનની અરજીની જેરોક્ષ છે જેના બધા દસ્તાવેજી પુરાવા ૨૦૦૨ ના વર્ષના છે. બીજું કે વીજ કંપની ધ્વારા મને અને બીજા અન્ય ગ્રાહકોને ટેસ્ટ રિપોર્ટ આપવાની નોટિસ આપેલ છે. નોટિસ નો અર્થ નિયત સમયમાં ટેસ્ટ રિપોર્ટ નહીં આપોતો કંપની એવું માને છે કે વિજપુરવઠો આપવાનું ચાલુ કરેલ છે અને બિલ ચાલુ થઈ જસે. મારા કેસમાં તો મે ટેસ્ટ રિપોર્ટ આપેલ છે છતાં મારા ૧૦ + ૧૦ એચ.પી.ના વિભાજનને માન્ય નહીં રાખીને ગેરરીતિનું બિલ આપેલ છે જે અન્યાયકર્તા છે. | તલોદ/ચોઇલા | પી.આઈ.પટેલ નાયબ ઈજનેર- ૯૮૭૯૨૦૧૬૪૬ | સદર પ્રશ્ન બાબતે જણાવવાનું કે ગ્રાહક નં ૨૩૯૩૦/૦૦૦૫૪/૩ નામે પટેલ જયંતિભાઈ નાથાભાઇ -ભુડાસન નો કરારીત વીજભાર ૨૦ હો.પા. છે. જેઓનું ચેકિંગ તા- ૧૦-૧૨-૧૪ ના રોજ કરતાં સદર ગ્રાહકના વિજસ્થાપન પર બે મોટર લગાડેલી માલૂમ પડેલ જે પૈકી નાની મોટર ૧૨ હો.પા. નું દંડનીય બિલ ૧૨૬ કલામ હેઠળ રૂ. ૫૭૬૦૦/- આપેલ હતું તેની આખરી આકારણી સદર ગ્રાહકની રૂબરૂમાં તા- ૧૨-૨-૧૫ ના રોજ કરીને સદર બિલની રકમ યથાવત રાખેલ છે. સદર સંદર્ભ વાળી ઉપરોક્ત અરજી સાથે હાલમાં ગ્રાહકે જે પેપર્સ રજૂ કરેલ છે તેમાં બે મોટરો ચલાવવા માટે બાહેધરી ખતના સ્ટેમ્પ પેપરની નકલ રજૂ કરેલ નથી, માત્ર અરજી ફોર્મ અને તે વખતે પૈસા ભરેલ પવતીની નકલ રજૂ કરેલ છે. સદર કેસમાં જે તે સમયના રેકોર્ડની ચકાસણી કરતાં અત્રેની કચેરીમાં બે મોટરો મંજૂર થવા બાબતનો કોઈ રેકોર્ડ માલૂમ પડેલ નથી તેથી કંપનીના નિયમાનુસાર બિલ ઘટાડી શકાયેલ નથી સદર વિજજોડાણના ચેકિંગ દરમિયાન કુલ ૧૫+૧૨ = ૨૭ હો.પા. ની બે મોટરો લગાડેલી માલૂમ પડેલ હતી. | નિકાલ |
| ૧૧ | ૧૪.૦૭.૧૫ | શ્રી મહમદ ઈસાક જમાદાર ફાતિમા પાર્ક, કોલેજ રોડ મોડાસા | | મોજે મોડાસા સર્વે નંબર ૩૯/૪ નો અમારે રહેઠાણ માટે બિનખેતી કરાવેલ છે. જેમાં હાલમાં કેટલાક રહેઠાણના મકાનો બનાવેલ છે સદર બીન ખેતી જમીન ઉપર વીજળી કરવા માટે અમોએ જરૂરી સાર્વજનિક કાગળો સાથે રૂબરૂ અરજ યુજીવીસીએલ મોડાસા શહેર વિભાગના જુનિયર તમારા સાહેબને આપેલ છે.તેઓ રૂબરૂ સ્થળ પર આવી ઇન્સ્પેક્શન કરેલ છે જે બાબતને આજે થયા છતાં અમોને કોઈ એસટીમેટ આપવામાં આવતું નથી તે બાબતે અમોએ રૂબરૂ ડેપ્યુટી એંજીનિયર અસારી સાહેબ અને ભગોરા સાહેબ ને મુલાકાત કરવા છતાં કોઈ કામગીરી થયેલ નથી. જેની સદર પ્રશ્નનો ઉકેલ લોક દરબાર માં કરવા વિનંતી. | મોડાસા/મોડાસા શહેર | શ્રી જે.એસ.અસારી ૯૮૭૯૨૦૧૬૯૬ | સદર આપની અરજીના આધારે સ્થળ તપાસ કરતાં ફાતિમા પાર્ક કે જેનો સર્વે નંબર ૩૯/૪ માં પ્લોટિંગ કરેલ છે. નવા પરિપત્ર મુજબ ઓપન પ્લોટમાં ઈલેકટ્રીફીકેશાન માટે કોઈ અંદાજપત્ર આપવાનો થતો નથી. જેથી કરી અંદાજપત્ર આપેલ નથી. તેમજ તે પ્લોટિંગમાં એક મકાન બનેલ છે તે મકાન માટે અરજદારે અરજી કરેલ હતી તેને અંદાજપત્ર તા. ૧૩.૦૭.૧૫ ના રોજ આપેલ છે. | નિકાલ |
| ૧૨ | ૧૪.૦૭.૧૫ | સહારા પેટ્રોલીયમ મોડાસા કપડવંજ હાઇવે મોડાસા | ૯૮૭૯૩૬૪૨૬૯ | મોડાસા ખાતે અમારા રીલાયન્સ ઇન્ડ.લીની ડીલરશીપ અંગેનો પ્રેટ્રોલ પમ્પ છે. જેમાં ૨૧ કે. ડબલ્યુ નો પાવર વપરવામાં આવે છે. એપ્રિલ -૧૫ થી સદર પેટ્રોલ પમ્પ શરૂ થયેલ છે. પરંતુ અમોને પૂરો પાડવામાં આવતો વીજ પુરવઠો ઓવર વૉલ્ટેજ એટલેકે ૨૭૫ થી 280 વૉલ્ટ ત્રણ ફેજમાં થતાં અમારા પેટ્રોલ પમ્પની સિસ્ટમ બંધ થતાં અમારે જનરેટરથી પમ્પ ચલાવવો પડે છે . આ બાબતે અમો રૂબરૂ ડિવિઝન ઓફિસ માં ઇ.ઇ. સાહેબ તેમજ ડી.ઇ સાહેબ ને રજૂઆત લેખિતમાં રૂબરૂ કરવા છતાં સદર પ્રશ્નો નો કોઈ ઉકેલ આપેલ નથી જેથી સદર લોક દરબાર માં આ પ્રશ્ન છે. | મોડાસા/મોડાસા શહેર | શ્રી જે.એસ.અસારી મો. નં - ૯૮૭૯૨૦૧૬૯૬ | સદર૨જૂઆતના આધારે તા.૧૭/૭/૨૦૧૫ના રોજ લોવૉલ્ટેજનું ટ્રાન્સફોર્મર મુકેલ છે.સદર ટ્રાન્સફોર્મર બદલ્યા પછી વૉલ્ટેજ આર-૨૪૬ વાય-૨૪૮ બી-૨૫૧ પ્રમાણે મળે છે.આમ લો વૉલ્ટેજનું ટ્રાન્સફોર્મરમૂક્યા પછી હવે હાઇ વૉલ્ટેજનો પ્રશ્ન રહેતો નથી. સબસ્ટશન ના ટેપ ચેંજરનું સેટિંગ તા. ૧૩.૦૮.૧૫ ના રોજ ચેન્જ કરેલ છે | નિકાલ |
| ૧૩ | ૨૨.૭.૨૦૧૫ | રબારી અમૃતભાઇ વાલજીભાઇ મુ.પો જમાના છાપરા તા.મોડાસા જી.અરવલ્લી | | હું રબારી અમૃતભાઇ વાલજીભાઇ મોજે જમાના છાપરા તા.મોડાસા જી.અરવલ્લીના રહીશ તા.૬.૧૦.૨૦૧૨ નારોજ આપની યુ.જી.વી.સી.એલ. કંપનીમાં ખેતી વીજ જોડાણ માટે અરજી કરેલ છે જેનો સર્વે ન.-૧૫ અને ડ્રો ન. -૬૭૭ છે જે સર્વે નં.માં મે વીજ કનેક્શન માગેલ છે. તે સર્વે નંબરમાં મે તા-૨૭.૬.૨૦૧૩ ના રોજ બોર કરેલ છે. તેમ છતાં આજ દિન સુધી મને વીજ કનેક્શન મળેલ નથી. જય ભારત સાથે જણાવવાનુકે મે આપ સાહેબશ્રીને માલૂમ થાય કે અમારા ગામનું મોજે જમાના છાપરાનું ભોયતળિયું એવું છે કે જે તે બોર બનાવ્યા પછી લાંબા સમય બંધ પડેલ બોર કૂવો પુરાય જાય છે. તો આપ સાહેબ ને વિનતિ કરૂં છું કે જેમ બને તેમ ઝડપથી વીજ કનેક્શન આપવા મહેરબાની કરશોજી. આપશ્રી તરફથી જે લોકદરબાર રાખવામાં આવેલ છે. તેમાં અમારા પ્રશ્નોનો નિકાલ થાય અને અમને વીજ કનેક્શન ઝડપથી મળે તેવી હું રબારી અમૃતભાઇ વાલજીભાઇ આપને વિનતિ કરૂં છુ. | મોડાસા/મોડાસા (બાંધકામ) | શ્રી આર.એન.ભગોરા મો.નં. ૯૯૨૫૨૧૨૫૦૬ | આપે તા.૬/૧૦/૨૦૧૨ ના રોજ ૭.૫ હો.પા. નું નવીન વીજજોડાણ મોજે જમાના છાપરા ગામે સર્વે નંબર-૧૫ માં માંગણી કરેલ છે. જેનો ડ્રો નંબર -૬૭૭ છે. સદર વિજ જોડાણ માટે જે તે સમયે મોજણી હાથ ધરતાં સદર સર્વે નંબર -૧૫ માં બોર કૂવો હયાત ન હતો જે તમોએ પણ અરજીમાં બોર બનાવેલ નથી એવો ઉલ્લેખ કરેલ છે. ત્યાર બાદ આપની બારકોડેડ રજીસ્ટર નંબર ૨૫૪૧૧૮૦૪ ૨ ઇન કમાંક નંબર ૧૦ થી તા-૧૭.૧૨.૨૦૧૩ ના રોજ રજી. પોસ્ટ એડીથી ક કેટેગરી થી ડ કેટેગરીમાં તબદીલ કરેલ જેની જાણ કરેલ છે. અને કંપનીના પ્રવર્તમાન નિયમોનુસાર અગ્રતાક્રમ પ્રમાણે વીજ જોડાણ આપવાની કાર્યવાહી કરવામાં આવશે. | નીતિ વિષયક |

માહીતી પત્રક-૨

જીલ્લાનું નામ : અરવલ્લી

તા ૧૧.૮.૨૦૧૫ ના રોજ અરવલ્લી જીલ્લામાં મોડાસા મુકામે યોજાયેલ લોક દરબાર માટે આવેલ રજૂઆતોની માહીતી

| અ. નં. | તારીખ | ફરીયાદીનું નામ-સરનામું પેટાવિભાગની વિગત. | અરજદારનો સંપર્ક નંબર | ફરીયાદની વિગત | વિભાગીય કચેરી/ પેટા વિભાગીય કચેરી | ફરીયાદના નિવારણ માટે જવાબદાર અધિકારીઓનાં નામ-નંબર. | કંપનીએ સ્થળ પર આપેલ જવાબ | નિકાલ/ સમય મર્યાદા |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧૪ | ૧૬.૦૭.૧૫ | આચાર્ય શ્રી, વણિયાદ પ્રા. શાળા મોડાસા જી-અરવલ્લી | | શ્રી વણિયાદ પ્રા. શાળાના મોડાસા જી. અરવલ્લી ના મુ. શ્રી ઇશ્વરભાઇ એન. પંચાલ ની નમ્ર અરજ છે કે અમારી શાળાના કુલ ૮૦ વિધ્યાર્થી અભ્યાશ કરે છે. તદઉપરાંત આંગણવાડી પણ અમારી શાળાના કંપાઉંડમાં ચાલે છે. તેમાં ૧૨ બાળકો અભ્યાસ કરેલ ૬. વિશેષમાં અમારી શાળાના દરવાજાથી પાંચ મીટર અંતરે વણિયાદ કોકાપુર ગામે પહોંચાડતી ડીપી આવેલ છે. તેમાં મેઇન ડીપી બોક્સ ખુલ્લુ રહે છે. વીજ વાયર ખુલ્લા હોય છે. અમારી શાળાનાં બાળકો શાળાના પ્રવેશ સમય તથા રીશેષ સમયે બહાર રમતા હોય છે. બાળકો તથા શાળાનાં હિત સ્વરૂપે ક્યારે બાળકો અજાણમાં રમતા ડીપી પાસે જાય તો બાળકોને વીજ કરંટ લાગવાનો તથા મોટું નુકસાન થવાનો સંભવ છે. તો કૃપા કરી લાઇટ માટેની ડીપીની આજુબાજુ તારની વાડ કરી સંરક્ષણ કરી અમારા બાળકોને અકસ્માતથી બચવા સહભાગી બનસો. | મોડાસા\મોડાસા ગ્રામ્ય | શ્રી એમ.ઝેડ. અસારી મો. ન. ૯૮૭૯૨૦૧૭૦૧ | ડીપીની ફરતે કરવામાં આવતી ફેન્સિંગ કરવા માટે કોંટ્રાક્ટરને જરૂરી સુચના આપવામાં આવેલ છે. વધુમાં ટ્રાન્સફોર્મર કેન્દ્ર નું જરૂરી સમારકામ ૧૮.૦૫.૧૫ ના રોજ કરેલ છે. | નિકાલ |
| ૧૫.૧ | ૨૦.૭.૧૫ | પ્રમુખશ્રી, ભારતીય કિસાન સંઘ, તા-માલપુર, જી-અરવલ્લી | ૯૪૨૭૬૮૮૫૯૪ | થ્રી ફેજ પાવર તથા જ્યોતિગ્રામ પાવરમાં ઉપરા ઉપરી વારંવાર ટ્રીપીંગ થાય છે. જેથી કીમતી સાધનો બળી જાય છે. આ તકલીફ તાકીદે દૂર કરવા વિનંતી. લાંબી લાઈનો અને નમી ગયેલા પોલ તથા ઢીલા તારને કારણે શોર્ટ સર્કિટ પ્રોબ્લેમ ખૂબ થાય છે. | મોડાસા\માલપુર | શ્રી આર. પી. અસારી, ૯૮૭૯૨૦૧૭૧૧ | થ્રી ફેઇજ પાવરના ફીડરો તથા જ્યોતિગ્રામ ફીડરના માલપુર સબ ડિવિજનના કુલ ૧૯ ફીડરો છે. તેને નિયત સમયાંતરે સમારકામ જેવા કે જંપર રીપેર કરવા, વાયર લૂસ હોય તો ખેંચવા તથા પોલ નમી ગયેલ હોય તો સીધા કરવા વગેરે કામ કરાવવામાં આવેલ છે. | નિકાલ |
| ૧૫.૨ | ૨૦.૭.૧૫ | પ્રમુખશ્રી, ભારતીય કિસાન સંઘ, તા-માલપુર, જી-અરવલ્લી | ૯૪૨૭૬૮૮૫૯૪ | ગ્રાહક જ્યારે કનેક્શન માંગે ત્યારે જોઇન્ટ અંતર રાખી જે તે આપનો ખર્ચ જેવાકે લેબર કોસ્ટ, મટિરિયલ કોસ્ટ નો એસ્ટિમેટ આપવામાં આવેછે જે ગ્રાહક ભરે છે, છતાં પુનઃ મીટર ચાર્જ ભરાવવામાં આવે છે અને ફરીથી મીટર ભાડું ચાલુ છે. વીજબિલ માં મીટર ભાડું ચાલુજ રહે છે. વીજબિલ માં ભાડું કાઢી નાખવા વિનંતી છે. | મોડાસા\માલપુર | શ્રી આર. પી. અસારી, ૯૮૭૯૨૦૧૭૧૧ | વીજ જોડાણ ની માંગણી કર્યેથી વિજભાર આધારિત ફિક્સ ચાર્જ લેવામાં આવે છે, મીટરનો ચાર્જ લેવામાં આવતો નથી. મીટર ભાડાનો પ્રશ્ન નીતિવિષયક છે. | નીતિવિષયક |
| ૧૫.૩ | ૨૦.૭.૧૫ | પ્રમુખશ્રી, ભારતીય કિસાન સંઘ, તા-માલપુર, જી-અરવલ્લી | ૯૪૨૭૬૮૮૫૯૪ | કનેકશન જે વ્યક્તિના નામે માંગેલ હોય અને તે વ્યક્તિના નામે મંજૂર થયેલ હોય પરંતુ લાંબા સમય બાદ કોઈપણ સંજોગોમાં ગ્રાહક મૃત્યુ થાય અને મરણોત્તર પુરાવા રજુ કરવામાં આવે છતાં વારસાઈ ના વારસદાર નું નામ સીધું દાખલ કરવામાં આવતું નથી અને ચાર્જ આકારવામાં આવે છે જે યોગ્ય નથી. દાત. મલજીના પહાડિયા મોટા ભાઈ એ ૧૦૦ ના સ્ટેમ્પ પર એફિડેવિટ કરી કનેકશન ટ્રાન્સફર કરવા સહમતી આપેલ હોવા છતાં મળેલ નથી. | મોડાસા\માલપુર સબ ડિવિજન | શ્રી આર. પી. અસારી, ૯૮૭૯૨૦૧૭૧૧ | જે વ્યક્તિ એ અગાઉ વિજજોડાણ મેળવેલ હોય અને તે વ્યક્તિ મરણ પામેતો તેના સીધી લીટીના વારસદારો ને નામ બદલી કરાવવી હોય તો કંપની ના નિયમ પ્રમાણે જરૂરી દસ્તાવેજો આપેથી નામ બદલી કરવામાં આવેછે. માલજીના પહાડીયા ના શંકરભાઇ કોહ્યાભાઇ પટેલે નામ બદલી માટે અરજી કરેલ હતી. સદર તેઓએ સર્વે નંબર ૨૦૨/૧ માં અરજી કરેલ હતી પરંતુ ૭/૧૨ ના ઉતારા માં બીજા હક્ક માં નામ હોય તેઓને પત્ર નં. ૫૯૫ તા. ૧૯/૨/૧૫ ના રોજ રૂ. ૧૦૦ ના સ્ટેમ્પ પર અન્ય કબજેદારોની નોટરાઇજ માં સંમતિ આપવા માટે જાણ કરેલ છે પરંતુ આજ દિન સુધી સદર સંમતિ રજૂ કરેલ ન હોવાથી આગળની કાર્યવાહી થઈ શકેલ નથી. | નિકાલ |
| ૧૫.૪ | ૨૦.૭.૧૫ | પ્રમુખશ્રી, ભારતીય કિસાન સંઘ, તા-માલપુર, જી-અરવલ્લી | ૯૪૨૭૬૮૮૫૯૪ | માલપુર સ્ટાફ ઓછો છે તથા તથા એક્સિડંટ વાળા માણસો મુકેલ છે. માલપુર માં મોટા ગામોની વસ્તી આવેલ હોય જડપી સેવા મળતી નથી. તો તાકીદે સ્ટાફ ની નિમણૂક કરવા નોંધ લેવા વિનંતી છે. | મોડાસા\માલપુર | શ્રી આર. પી. અસારી, ૯૮૭૯૨૦૧૭૧૧ | માલપુર યુજીવીસીએલ સબ ડિવિજન માં હાલ ૧૬ લાઇન સ્ટાફ છે. હાલ ના વર્ક લોડ પ્રમાણે ના સ્ટાફ સેટ માટે મંજૂરી મળવાથી ૧૨ લાઈન સ્ટાફની નિમણૂક કરેલ છે. | નિકાલ |
| ૧૫.૫ | ૨૦.૭.૧૫ | પ્રમુખશ્રી, ભારતીય કિસાન સંઘ, તા-માલપુર, જી-અરવલ્લી | ૯૪૨૭૬૮૮૫૯૪ | ગ્રાહક ફરિયાદ નંબર ઉપર ફરિયાદ માટે કોઈ મહેસાણાનો ફોન ઉપડવામાં આવતો નથી. અને કદાચ ટેલિફોન ઉપાડવામાં આવે તો સંતોષકારક જવાબ મળતો નથી. | મોડાસા\માલપુર | શ્રી આર.પી.અસારી મો.નં. ૯૮૭૯૨૦૧૭૧૧ | અમારી રજીસ્ટર અને કોર્પોરેટ ઓફિસમાં સેંટ્રલાઈઝ ગ્રાહક ફરિયાદ નિવારણ કેન્દ્ર આવેલ છે. જ્યાં ૨૪ કલાક ફરિયાદ નોધણી કરાય છે તથા સંતોષકારક જવાબ આપવામાં આવે છે . | નિકાલ |

માહીતી પત્રક-૨

જીલ્લાનું નામ : અરવલ્લી

તા ૧૧.૮.૨૦૧૫ ના રોજ અરવલ્લી જીલ્લામાં મોડાસા મુકામે યોજાયેલ લોક દરબાર માટે આવેલ રજૂઆતોની માહીતી

| અ. નં. | તારીખ | ફરીયાદીનું નામ-સરનામું પેટાવિભાગની વિગત. | અરજદારનો સંપર્ક નંબર | ફરીયાદની વિગત | વિભાગીય કચેરી/ પેટા વિભાગીય કચેરી | ફરીયાદના નિવારણ માટે જવાબદાર અધિકારીઓનાં નામ-નંબર. | કંપનીએ સ્થળ પર આપેલ જવાબ | નિકાલ/ સમય મર્યાદા |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧૬ | ૨૦.૭.૧૫ | દરજી રામભાઇ સોમાભાઇ મુ.પો.તા.મેઘરજ જી.અરવલ્લી | ૯૬૬૨૫૫૭૨૪૩ | અમો અરજદાર દરજી રામાભાઇ સોમાભાઇ મુ.પો.તા.મેઘરજ જી.અરવલ્લી. મારી સ્વતંત્ર માલીકીની માલપુર ગામે દરવાજા બહાર આવેલી દુકાન કે જેની આગળ દ્વારા મૂકવામાં આવેલ ડીપી નંગ-૨ તેમજ ૫ ઇલેક્ટ્રીક પોલ ૩ તાણીયા અને ૨ મોટા બોક્ષ મૂકેલા છે. પરિણામે ચોમાસા દરમ્યાન અનેક વખત શોટ સર્કિટ થાય છે. અને ક્યારેક કરંટ જમીનમાં ઉતરે છે. જેના કારણે ભૂતકાળમાં એક ગાય અને ત્રણ બકરીના મૃત્યુ થયા હતા. સદનસીબે માનવ મૃત્યુ થયું નથી. પરંતુ કયારેક જાનહાનિ થવાની મોટી સંભાવના છે. જેથી મારી દુકાને આવતા અચકાય છે જેથી મારા ધંધામાં મોટું નુકશાન પણ થાય છે. મારી દુકાને આવવા જવા માટે ગ્રાહકને નીચે થઈને આવવું પડે છે. જેથી એ જગ્યાએથી આ ડીપી અન્ય જગ્યાએ આગા પાછી કરી ખસેડવા મારી નમ્ર અરજ છે. જો આ ન્યાય અને વ્યાજબી કનડગત ધ્યાન પર લેવામાં નહીં આવે અને કોઈ જાન માલનું કે અન્ય નુકશાન થશે તો આઅંગેની સંપૂર્ણ જવાબદારી યુજીવીસીએલ ની રહેશે. | મોડાસા\માલપુર | શ્રી આર.પી.અસારી ૯૮૭૯૨૦૧૭૧૧ | મોજે માલપુર ગામના અરજદાર શ્રી દરજી રામાભાઇ સોમાભાઇ જિલ્લો-અરવલ્લીની દુકાન માલપુર ગામે દરવાજા બહાર આવેલી છે સદર દરવાજો રજવાડા વખતનો બનેલ છે. તથા સદર દરવાજો ખુબજ સાંકડો છે. સદર દરવાજા બહાર આશરે ૫૦ વર્ષ પૂર્વા જ્યારે માલપૂરનું વીજળીકરણ થયેલ તે વખતથી બે ટ્રાન્સફોર્મરો ઊભા કરેલ છે. સદર દરવાજા ની બહાર તેમજ અંદર મુખ્ય રસ્તો છે તથા વાહનવ્યવહાર વધુ હોઈ તથા રસ્તો સાંકડો હોઈ દરવાજાની અંદર કે બહાર અન્ય જગ્યાએ સદર ટ્રાન્સફોર્મરો ખસેડાય તેમ નથી. સદર ટ્રાન્સફોર્મરવાળી જગ્યા ઓછી હોવાથી સદર ટ્રાન્સફોર્મરની ફરતે ફેન્સિંગ થઈ સકે તેમ નથી. વધુમાં ટ્રાન્સફોર્મર કેન્દ્ર નું જરૂરી સમારકામ ૧૬.૦૯.૧૪ તથા ૨૫.૦૫.૧૫ ના રોજ કરેલ છે. | નિકાલ |
| ૧૭.૧ | ૨૦.૭.૧૫ | પ્રમુખ શ્રી ,ભારતીય કિસાન સંઘ,તા મેઘરજ જી-અરવલ્લી | ૯૪૨૬૭૨૯૧૫૧ | મેઘરજ તાલુકો ભૌગોલિક રીતે ખુબજ વિસ્તારમાં મોટો હોવાથી વહીવટમાં તેમજ ગ્રાહકોને સુવિધામાં ખુબજ પરેશાની બોગવવી પડે છે તો વીજ કંપની ની બીજી ઓફિસ ફાળવવા વિનંતી છે. | મોડાસા\મેઘરજ | શ્રી જી કે બરંડા ૯૮૭૯૨૦૧૭૦૬ | અરવલ્લી જિલ્લામાં મેઘરજ ખાતે નવીન પેટા વીભાગીય કચેરી મંજૂર કરેલ છે . જેમાં સ્ટાફ ની ફાળવણી ની પ્રક્રિયા ચાલુ છે.તેમજ નવીન પેટા વિભાગીય કચેરી ના બિલ્ડીંગ નું સ્થળ નક્કી થયે થી ત્વરિત સદર પેટા વિભાગીય કચેરી કાર્યરત કરવા માં આવશે. | નિકાલ |
| ૧૭.૨ | ૨૦.૭.૧૫ | પ્રમુખ શ્રી ,ભારતીય કિસાન સંઘ,તા મેઘરજ જી-અરવલ્લી | ૯૪૨૭૬૮૮૫૯૪ | વીજ ગ્રાહકો નો વધારો તેમજ વીજ લાઈનો ખુબ લાંબી થવાથી લો વૉલ્ટેજ તેમજ વારંવાર ટ્રિપિંગ ની સમસ્યા રહેછે . મેઘરજથી પૂર્વ વિસ્તારમાં ઉંડવા બાજુ નવું સબ સ્ટેશન તેમજ મેઘરજથી ઉત્તર પુર્વ વિસ્તારમાં ભાટકોટા ધાંધીયા મુકામે નવું સબ સ્ટેશન બનાવવા વિનંતી છે . | મોડાસા\મેઘરજ | શ્રી જી કે બરંડા ૯૮૭૯૨૦૧૭૦૬ | ઉપરોક્ત વિષયમાં જણાવવાનું કે વીજ લાઈનોની લંબાઈ,લોડ તથા તેના વૉલ્ટેજ રેગ્યુલેશન અનુસાર ફિડર બાયફરકેશન ની કાર્યવાહી હાથ ધરાઇ છે અને જે તે વિસ્તારમાં લોડ ગ્રોથ જોઈ નવું સબસ્ટેશનની દરખાસ્ત કરવામાં આવેલ છે ,હાલ ઉંડવા પાસે પટેલઢૂંઢા ગામે નવીન ૬૬કેવી સબસ્ટેશનની મંજુરી માટે દરખાસ્ત મોકલેલ છે .તથા હાલમાં ૬૬કેવી નવાગામ/ઇસરી સવ્બ સ્ટેશન મેઘરજ તાલુકામાં કાર્યન્વિત કરેલ છે. | નિકાલ |
| ૧૭.૩ | ૨૦.૭.૧૫ | પ્રમુખ શ્રી ,ભારતીય કિસાન સંઘ,તા મેઘરજ જી-અરવલ્લી | ૯૪૨૭૬૮૮૫૯૪ | મેઘરજ તાલુકાનાં નવાગામના ખેડૂત દામાં સોમાભાઇ રૂપાભાઇ નો બળદ વીજ કરંટ લાગવાથી આશરે એક વર્ષ પહેલા મરણ પામેલ છે તે વળતર નો એક હપ્તો મળેલ છે.તો આગળની પરિસ્થિતી શું છે ? | મોડાસા\મેઘરજ | શ્રી જી કે બરંડા ૯૮૭૯૨૦૧૭૦૬ | મેઘરજ તાલુકાનાં નવાગામના ખેડૂત દામાં સોમાભાઇ રૂપાભાઇ નો બળદ ને નડેલ અકસ્માત ના વળતર નો પહેલો હપ્તો ચૂકવી દેવામાં આવેલ છે તથા ઈલે ઈન્સ્પેકટર દ્વારા રિપોર્ટ મંગાવી બીજા હપ્તાની રકમ ચૂકવવાની કાર્યવાહી કંપનીના નિયમાનુસાર કરવામાં આવશે. | નિકાલ |
| ૧૭.૪ | ૨૦.૭.૧૫ | પ્રમુખ શ્રી ,ભારતીય કિસાન સંઘ,તા મેઘરજ જી-અરવલ્લી | ૯૪૨૭૬૮૮૫૯૪ | મોડાસા તાલુકામાં વીજ વાયરો ઢીલા છે ,તેમજ ડીપીમાં ફ્યુજ બોક્સ નથી | મોડાસા\મેઘરજ | શ્રી જી કે બરંડા ૯૮૭૯૨૦૧૭૦૬ | મોડાસા તાલુકામાં વીજ પુરવઠો પુરો પાડતી હળવા તથા ભારે દબાણની વીજ લાઇનોનું સમયાંતરે સમારકામ કરવામાં આવે છે અને ઢીલા તારને ખેંચવાની કામગીરી પણ હાથ ધરવામાં આવેલ છે. મોડાસા તાલુકામાં કુલ ત્રણ પેટા વિભાગીય કચેરી મોડાસા ગ્રામ્ય, મોડાસા શહેર તથા ટિંટોઇ પેટા વિભાગીય કચેરી દ્વારા જે તે લાઈનો નું સમારકામ હાથ ધરવામાં આવેછે તથા ડીઓ ફ્યુજ બદલવા, ડીપી ના ફ્યુજ માલસામાનની ઉપલબ્ધતા અનુસાર બદલવાની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. | નિકાલ |

માહીતી પત્રક-૨

જીલ્લાનું નામ : અરવલ્લી

તા ૧૧.૮.૨૦૧૫ ના રોજ અરવલ્લી જીલ્લામાં મોડાસા મુકામે યોજાયેલ લોક દરબાર માટે આવેલ રજૂઆતોની માહીતી

| અ. નં. | તારીખ | ફરીયાદીનું નામ-સરનામું પેટાવિભાગની વિગત. | અરજદારનો સંપર્ક નંબર | ફરીયાદની વિગત | વિભાગીય કચેરી/ પેટા વિભાગીય કચેરી | ફરીયાદના નિવારણ માટે જવાબદાર અધિકારીઓનાં નામ-નંબર. | કંપનીએ સ્થળ પર આપેલ જવાબ | નિકાલ/ સમય મર્યાદા |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧૮ | ૨૨.૦૭૦૧૫ | ડેડુણ લક્ષ્મણભાઈ રામભાઇ મુ.પો-રાજેડી તા-મેઘરજ જી-અરવલ્લી | | આપશ્રીને મારી નમ્ર અરજ છે કે ૧૯૯૭ માં મારા માલિકીના સર્વે નં-૭૭/૧ માં ખેતી વિષયક વીજ જોડાણ મળેલ તેનો ગા નં-એજી-૧૨૮/૨૯૨૬૪/૧૦૧૦૮/૦ હતો તે સમયે વરસાદ ના પાડવાના કારણે કૂવામાં પાણી સુકાઈ ગયું છે. છતાં મે બાકી નીકળતા ૩૫૦૦ રૂ. ભરપાઈ કરી દીધેલ છતાએ જ્યોતીગ્રામ લાઇન કોન્ટ્રાક્ટ અને જીઇબી ના કર્મચારી થ્રી ફેજ કનેક્શન ના થાંભલા પરના વાયર ઉતારી લીધેલ ખેતી વિષયક વીજજોડાણ પીડીસી થઈ ગયું. આ તબક્કામાં પછી મે નાયબ ઇજનેર મેઘરજને તા.૪.૪.૦૫ નારોજ અરજી નંબર ૩૮૯ નોધાવી જેનું એસ્ટીમેટ રૂ. ૬૭૨૧૫/- આવ્યું તે મને આર્થિક રીતે પોષાય તેમ ના હતું તેથી ફરીથી બીજી અરજી નોધણી નંબર ૫૨૬/૧૨/૦૬ ના રોજ આપી તેનું એસ્ટીમેટ રૂ.૬૪૨૧૫/- આવ્યું તે પણ વધારે હતું. ત્રીજી અરજી અન-૪૫૦૨/૧૨.૧૦.૧૨ ના રોજ રૂ. ૨૦૦ ભરી પહોચ નં-૦૩૯૦૫૭ થી બોર્ડને ભરપાઈ કરેલ મારો ડ્રો નંબર ૧૩૦૮ હતો આ સર્વે નંબરમાં મારા ભાઈએ વીજજોડાણ માટે અરજી કરેલ હતી તેથી મારી અરજી રદ કરવામાં આવેલ છે. જે સર્વે નંબર ૭૭/૧ છે. રદ કરેલ અરજી માન્ય રાખી ખેતી વિષયક વીજજોડાણ ફરીથી આપવા મહેરબાની | મોડાસા\મેઘરજ (બાંધકામ) | શ્રી આર.ડી.વરસાત ૮૯૮૦૦૩૧૯૮૩ | નવીન/પુન; વીજ જોડાણ વખતોવખત અમલ માં હોય તેવા પરીપત્રો ના આધારે આપવામાં હોય છે. આપશ્રી ને જે તે વખતે ખેતીવાડી વીજ જોડાણ પુન; ચાલુ કરવા માટે આપવામાં આવેલ અંદાજપત્ર નિયમ અનુસાર નું છે. આપ દ્વારા તા- મોજે ગામ-રાજેડી તા-મેઘરજ ના સર્વે નં-૭૭/૧ માં નવીન ખેતીવાડી જોડાણ સાથે ડેડુણ લક્ષ્મણભાઈ રામભાઇ ના નામથી તા-૧૨.૧૦.૧૨ ના રોજ અરજી કરેલ. આ જ સર્વે નં ૭૭/૧ નં માં ડેડુણ હકરાભાઈ રામભાઇ દ્વારા પણ તા-૧૬.૧૦.૧૨ ના રોજ અરજી કરેલ. વધુમાં ડ્રો દરમ્યાન ડેડુણ હકરાભાઈ રામભાઇ નોધણીક્રમ -૧૨૨૪ આપેલ તથા આપનો નોધણીક્રમ-૧૩૦૬ આવેલો. એક જ સર્વેનં/બ્લોક નં માં એક જ વીજ જોડાણ આપવાની જોગવાઈ ના આધારે ડ્રો નંબર-૧૨૨૪ ડેડુણ હકરાભાઈ રામભાઇ ને નવીન કનેકશાન આપવા માટે સર્વે કરી અંદાજપત્ર આપવામાં આવેલ છે અને આપની અરજી રદ કરેલ છે.□ | નિકાલ |
| ૧૯ | ૧૫.૦૭.૧૫ | સરપંચ શ્રી ગ્રામપંચાયત ચોરીમાલા, તા. ભિલોડા | - | ચોરીમાલા ગામે રોડા ફળિયામાં જ્યોતીગ્રામ ની ટી સી. આવેલ છે જેમાં આશરે ૧૫૦ જેટલા ઘરો ના વીજ જોડાણ આવેલા છે જેથી પૂરતો પ્રકાશ મળતો નથી. | ભિલોડા/ભિલોડા-૧ | શ્રી વી એચ સોલંકી (નાયબ ઇજનેર ) ૯૯૨૫૨૧૨૪૭૧ | સદર વિસ્તારમાં તા. ૨૮.૦૭.૨૦૧૫ના રોજ સ્થળ તપાસણી કરતાં હયાત ટ્રાન્સફોર્મર કેન્દ્ર ની ક્ષમતા વધારી તથા હળવા દબાણ ની ૫૦૦ મીટર લાઇન 1ph2W થી 3ph5W કરવાની જરૂરત જણાયેલ હોઈ તેની તાંત્રિક મંજૂરી પત્ર ક્રમાંક ૨૬૮૯ તા. ૭.૮.૨૦૧૫ થી આપવામાં આવેલ છે. સદર કામ કાર્ય ૫.૧૦.૧૫ ના રોજ પૂર્ણ કરેલ છે | નિકાલ |
| ૨૦.૧ | ૨૨.૦૭૦૧૫ | ભારતીય કિશાન સંઘ, તા. ભિલોડા | ૯૪૦૯૦૪૯૦૧૪ | પાલ્લા સબ.સ્ટેશન ના ખેરાડી ફીડર વારંવાર ફોલ્ટ માં જાય છે મેંટેનન્સ થતું નથી વાયરો લૂજ છે . | ભિલોડા/ભિલોડા-૨ | શ્રી વી બી બોડાત (નાયબ ઇજનેર ) ૯૯૨૫૨૧૨૪૭૪ | પાલ્લા સબ.સ્ટેશન ના ખેરાડી ફીડર જંગલ વિસ્તારમાથી પસાર થાય છે દર મંગળવારે જ્યોતીગ્રામ ની લાઇન તથા ગુરૂવારના દિવસે ખેતીવાડી ની વીજ લાઇન નું સમારકામ કરવામાં આવે છે હાલ ખેરાડી ગામ પાસે ૬૬ કે.વી. સબ સ્ટેશન નું કામ પૂર્ણ કરી જ્યોતિ ગ્રામ ની લાઈનો ચાલુ કરેલ છે તથા ખેતીવાડી લાઈનોનું કામ પૂર્ણ કરેલ છે જેમાં સ્પેસિયલ બનાવટ ના ટ્રાન્સફરમર મૂકી ચાલુ કરતાં ખેરાડી ફીડર નું વિભાજન થશે જેથી ફોલ્ટ માં જવાનો પ્રશ્ન ટૂંક સમય માં હલ થશે. | નિકાલ |
| ૨૦.૨ | ૨૨.૦૭૦૧૫ | ભારતીય કિશાન સંઘ, તા. ભિલોડા | | ભિલોડા માં નટુભાઇ ગેરેજ વાળા ની ટી.સી. થી નીકળતી થ્રી ફેજ લાઇન નરેશભાઇ ના ખેતરમાં જતાં વાયરો લૂજ છે. | ભિલોડા/ભિલોડા૧ | શ્રી વી એચ સોલંકી (નાયબ ઇજનેર ) ૯૯૨૫૨૧૨૪૭૧ | સદર કામ તા. ૪.૦૮.૨૦૧૫ના રોજ પૂર્ણ કરવામાં આવેલ છે | નિકાલ |
| ૨૦.૩ | ૨૨.૦૭૦૧૫ | ભારતીય કિશાન સંઘ, તા. ભિલોડા | | સબ ડિવિજન ભિલોડા ૨ નું વિભાજન કરી શામળાજી ખાતે નવી સબ ડિવિજન ઓફિસ મંજૂર થયેલ છે જે ઓફિસ કેટલા સમય માં કાર્યરત થશે | ભિલોડા/ભિલોડા-૨ | શ્રી વી બી બોડાત (નાયબ ઇજનેર ) ૯૯૨૫૨૧૨૪૭૪ | અરવલ્લી જિલ્લામાં શામળાજી ખાતે નવીન પેટા વિભાગીય કચેરી મંજૂર કરેલ છે. જેમાં સ્ટાફની ફાળવણીની પ્રકિયા ચાલુ છે. તેમજ નવીન પેટા વિભાગીય કચેરીનાં બિલ્ડીગનું સ્થળ નકકી થયેથી ત્વરીત સદર પેટા વિભાગીય કચેરી કાર્યરત કરવામાં આવશે. | નિકાલ |
| ૨૦.૪ | ૨૨.૦૭૦૧૫ | ભારતીય કિશાન સંઘ, તા. ભિલોડા | | ભિલોડા તાલુકામાં ખેતી વાડી જૂની લાઈનો બરછટ થયેલ છે જે ખેંચી શકાય તેમ નથી જે મટિરિયલ બદલવું. | ભિલોડા/ભિલોડા-૨ | શ્રી વી બી બોડાત (નાયબ ઇજનેર ) ૯૯૨૫૨૧૨૪૭૪ | સામાન્ય રીતે લાઇન ઉપર આવતા વીજ ફોલ્ટ, એંપિયર લોડીંગ વગેરેને ધ્યાન માં રાખી વીજ વાયરો બદલવાની કાર્યવાહી સમયાંતરે કરવામાં આવે છે. | નિકાલ |
| ૨૦.૫ | ૨૨.૦૭૦૧૫ | ભારતીય કિશાન સંઘ, તા. ભિલોડા | | ખેતીવાડી માં વિજજોડાણ માંગણી કરનાર ખેડૂતોને લગભગ બે માસ થી સર્વે ની કામગીરી બંદ છે તો આ અરજીઓ પૂર્ણ થઈ છે કે કેમ ? તેની માહિતી આપવી . | ભિલોડા/ભિલોડા-૨ | શ્રી વી બી બોડાત (નાયબ ઇજનેર ) ૯૯૨૫૨૧૨૪૭૪ | ભિલોડા તથા વિજયનગર તાલુકામાં તારીખ ૩૧-૧૨-૨૦૧૪ સુધી નોંધાયેલ નવીન ખેતીવાડી વીજ જોડાણ અરજી ના અંદાજ પત્ર આપવામાં આવેલ છે. યુજીવીસીએલના પ્રવર્તમાન નિયમાનુસાર પડતર અરજીઓના નિકાલની કામગીરી હાથ ધરવાનું આયોજન કરવામાં આવેલ છે. | નિકાલ |

માહીતી પત્રક-૨

જીલ્લાનું નામ : અરવલ્લી

તા ૧૧.૮.૨૦૧૫ ના રોજ અરવલ્લી જીલ્લામાં મોડાસા મુકામે યોજાયેલ લોક દરબાર માટે આવેલ રજૂઆતોની માહીતી

| અ. નં. | તારીખ | ફરીયાદીનું નામ-સરનામું પેટાવિભાગની વિગત. | અરજદારનો સંપર્ક નંબર | ફરીયાદની વિગત | વિભાગીય કચેરી/ પેટા વિભાગીય કચેરી | ફરીયાદના નિવારણ માટે જવાબદાર અધિકારીઓનાં નામ-નંબર. | કંપનીએ સ્થળ પર આપેલ જવાબ | નિકાલ/ સમય મર્યાદા |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨૦.૬ | ૨૨.૦૭૦૧૫ | ભારતીય કિશાન સંઘ, તા. ભિલોડા | | ભિલોડા તાલુકામાં મંજૂર થયેલ સબ સ્ટેશનો કેટલા પ્રગતિ માં છે કેટલાના કામો પુર્ણ થયેલ છે તેમજ બાકી રહેલ સબ સ્ટેશનનોનું કામ કેટલા સમય માં પૂર્ણ થશે . | ભિલોડા/ભિલોડા-૨ | શ્રી વી બી બોડાત (નાયબ ઇજનેર ) ૯૯૨૫૨૧૨૪૭૪ | ભિલોડા અને વિજયનગર તાલુકામાં કુલ ૦૯ સબ સ્ટેશન મંજૂર થયેલ છે જેમાથી ૦૩ સબ સ્ટેશનો કામ પૂર્ણ કરી ચાલુ કરવામાં આવેલ છે ૦૨ સબ સ્ટેશનો ના કામ હાલ પ્રગતિમાં છે ૦૪ સબસ્ટેશનોના કામ બાકી છે જે સત્વરે પૂરા કરવામાં આવશે | નિકાલ |
| ૨૦.૭ | ૨૨.૦૭૦૧૫ | ભારતીય કિશાન સંઘ, તા. ભિલોડા | | એકજ સર્વે નંબર માં બીજું વીજ જોડાણ આપવા બાબતે શું પરિસ્થિતી છે | ભિલોડા/ભિલોડા-૨ | શ્રી વી બી બોડાત (નાયબ ઇજનેર ) ૯૯૨૫૨૧૨૪૭૪ | ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિ. નાં પરિપત્ર નં ૨૧૮૯ તા ૨૪.૧૦.૧૩ મુજબ હાલમાં એકજ સર્વે નંબરમાં એકજ કનેકશન આપવામાં આવે છે.<br>વધુમાં જીયુવીએનએલ નાં પરિપત્ર નં ૪૧૦ તા: ૧.૭.૧૪ મુજબ અરજદાર એકજ સર્વે નંબરમાં એક કરતાં વધુ ખાતા નંબર ધરાવતાં હોવાની કાયદાકીય હક દર્શાવતા દસ્તાવેજો ધરાવતાં હોય તેવા કિસ્સાઓમાં એક સર્વેનંબરમાં બીજુ કનેકશન આપી શકાય. | નિતિવિષયક |
| ૨૦.૮ | ૨૨.૦૭૦૧૫ | ભારતીય કિશાન સંઘ, તા. ભિલોડા | | બિન ઉપયોગી લાઈનો વાયર સાથે સ્થળ ઉપર ગામડાઓ માં ઊભી જોવા મળે છે તેનો નિકાલ કરવા કોઈ યોજના ખરી?તેની માલિકી કોની?દાખલા તરીકે. મોહન ભૂરજી ખુમાપુર જતી લાઇન . | ભિલોડા/ભિલોડા-૨ | શ્રી વી બી બોડાત (નાયબ ઇજનેર ) ૯૯૨૫૨૧૨૪૭૪ | હાલમાં વધતી જતી ખેતીવાડી તેમજ બિનખેતીવાડી વીજમાંગને પહોંચી વળવા માટે નવીન સબ સ્ટેશનો બનાવવામાં આવે છે. આ સબસ્ટેશનો માંથી નવીન ૧૧કેવી ફિડરો સૂચિત કરવામાં આવતાં હોયછે. જેના ઉપર હાલમાં હયાત ૧૧ કેવી ભારે લોડીંગ ધરાવતા ફીડરોનો લોડ તબદીલ કરવામાં આવતો હોયછે. આમ, હયાત ફીડરને જરૂર પૂરતો લોડ નવીન ફીડરમાં તબદીલ કરવાથી હયાત ફીડરનો અમુક ભાગ સ્પેર પડી રહેલ હોયછે. જેનો ઉપયોગ ભવિષ્યમાં કોઇ વીજ ફોલ્ટ થાયતો બે ફીડરોનો લોડ ચેન્જ ઓવર કરવા માટે થાય છે.<br>વધુમાં બિન ઉપયોગી લાઇનોનું મટીરીયલ તથા થાંભલા કાઢી ઉપયોગમાં લેવા તમામ ક્ષેત્રીય કચેરીઓને સૂચના આપવામાં આવેલ છે. | નિકાલ |
| ૨૦.૯ | ૨૨.૦૭૦૧૫ | ભારતીય કિશાન સંઘ, તા. ભિલોડા | | નવીન લાઈનો ઊભી કરવામાં આવે છે જેમાં નિયમ મુજબ કોન્ટ્રાકટરો કામ કરતાં નથી ખાડા ની ઊડાઈ ઓછી રાખે છે જેથી વર્ષાદ તથા પવન થી થાંભલા નમી જાય છે | ભિલોડા/ભિલોડા-૨ | શ્રી વી બી બોડાત (નાયબ ઇજનેર ) ૯૯૨૫૨૧૨૪૭૪ | નવિન લાઈનો કોન્ટ્રાકટરો નિયમ મુજબ જ ઊભી કરવામાં આવેછે ભિલોડા તથા વિજયનગર ડુંગરાડ તથા જંગલો વાળો વિસ્તાર હોવાથી વાવાઝોડું તથા પવન વધુ વધુ રહેવાના કારણે જંગલના ઝાડો લાઇન ઉપર પડવાથી વીજ લાઇનના થાભાલા તૂટી જવાના કારણે લાઈનો પડી જાય છે | નિકાલ |
| ૨૦.૧૦ | ૨૨.૦૭૦૧૫ | ભારતીય કિશાન સંઘ, તા. ભિલોડા | | વીજ પ્રશ્ને લોકદરબાર આવકાર્ય છે પરંતુ થયેલ રજૂઆત નું સમાધાન સંતોષ કારક થતું નથી . | ભિલોડા/ભિલોડા-૨ | શ્રી વી બી બોડાત (નાયબ ઇજનેર ) ૯૯૨૫૨૧૨૪૭૪ | માનવંતા ગ્રાહકોનાં વીજળીને સ્પર્શતા પ્રશ્નો/રજૂઆતોનું સ્થળ ઉપર નિરાકરણ થઇ શકે અને પ્રવર્તમાન નિયમોની જાણકારી મળી શકે તે હેતુસર લોક-દરબાર કાર્યક્રમનું આયોજન કરવામાં આવતું હોય છે. જે દરમીયાન શકય તેટલાં પ્રશ્નોનું સ્થળ ઉપર/નિયત સમય દરમિયાન નિકાલ લાવી શકાય તેવા પ્રયત્નો કરવામાં આવતા હોય છે. અમુક પ્રશ્નો નીતી વિષયક હોઇ, તેવા પ્રશ્નો નિકાલ સમયાંતરે વડી કચેરી/ સરકારશ્રી માં રજૂઆત કરવામાં આવે છે અને જેની વિચારણા કરવામાં આવતી હોય છે. | નિકાલ |
| ૨૦.૧૧ | ૨૨.૦૭૦૧૫ | ભારતીય કિશાન સંઘ, તા. ભિલોડા | | ખેતીવાડીમાં વીજ ફોલ્ટ લાઇન ફોલ્ટ ના કારણે ટી.સી.ઓ બળી જાય છે પરંતુ ટી.સી. બળેલી હોવાના કારણે ફરી બદલવામાં આવે છે | ભિલોડા/ભિલોડા-૨ | શ્રી વી બી બોડાત (નાયબ ઇજનેર ) ૯૯૨૫૨૧૨૪૭૪ | બળી ગયેલું ટી.સી. નિયત સમય દરમિયાન બદલી આપવામાં આવે છે. ટ્રાન્સફોર્મર જેવા ઉપકરણો ખુબજ લાંબા અને પથરાળ વિસ્તારમાંથી વાહનમાં લઈ જવા દરમ્યાન ફોલ્ટી થઈ જતાં હોય છે. | નિકાલ |

માહીતી પત્રક-૨

જીલ્લાનું નામ : અરવલ્લી

તા ૧૧.૮.૨૦૧૫ ના રોજ અરવલ્લી જીલ્લામાં મોડાસા મુકામે યોજાયેલ લોક દરબાર માટે આવેલ રજૂઆતોની માહીતી

| અ. નં. | તારીખ | ફરીયાદીનું નામ-સરનામું પેટાવિભાગની વિગત. | અરજદારનો સંપર્ક નંબર | ફરીયાદની વિગત | વિભાગીય કચેરી/ પેટા વિભાગીય કચેરી | ફરીયાદના નિવારણ માટે જવાબદાર અધિકારીઓનાં નામ-નંબર. | કંપનીએ સ્થળ પર આપેલ જવાબ | નિકાલ/ સમય મર્યાદા |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨૧.૧ | ૨૦.૭.૧૫ | ભારતીય કિસાન સંઘ સાબરકાંઠા | ૯૪૨૬૨૫૮૯૦૦ | મેઘરજ તાલુકો, કાર્યક્ષેત્ર મોટું હોવાના કારણે વહિવટમાં, સરળ ઝડપી કરવા (નવીન) વિસ્તારને દયાને લઇ સબ ડિવિઝન ઓફિસ નવીન ચાલુ કરવી. | વર્તુળ કચેરી હિંમતનગર | જે.એમ.પટેલ અધિક્ષક ઇજનેર હિંમતનગર ૯૯૨૫૨૧૨૫૪૫ | અરવલ્લી જિલ્લામાં મેઘરજ ખાતે નવીન પેટા વિભાગીય કચેરી મંજૂર કરેલ છે. જેમાં સ્ટાફની ફાળવણીની પ્રકિયા ચાલુ છે. તેમજ નવીન પેટા વિભાગીય કચેરીનાં બિલ્ડીગનું સ્થળ નકકી થયેથી ત્વરીત સદર પેટા વિભાગીય કચેરી કાર્યરત કરવામાં આવશે. | નિકાલ |
| ૨૧.૨ | ૨૦.૭.૧૫ | ભારતીય કિસાન સંઘ સાબરકાંઠા | ૯૪૨૬૨૫૮૯૦૦ | શામળાજી ખાતે નવીન સબ ડિવિઝન ઓફિસ ખોલવા બાબતે કામ કેટલે આવેલ છે. કયારે કાર્યરત થશે. | વર્તુળ કચેરી હિંમતનગર | જે.એમ.પટેલ અધિક્ષક ઇજનેર હિંમતનગર ૯૯૨૫૨૧૨૫૪૫ | અરવલ્લી જિલ્લામાં શામળાજી ખાતે નવીન પેટા વિભાગીય કચેરી મંજૂર કરેલ છે. જેમાં સ્ટાફની ફાળવણીની પ્રકિયા ચાલુ છે. તેમજ નવીન પેટા વિભાગીય કચેરીનાં બિલ્ડીગનું સ્થળ નકકી થયેથી ત્વરીત સદર પેટા વિભાગીય કચેરી કાર્યરત કરવામાં આવશે. | નિકાલ |
| ૨૧.૩ | ૨૦.૭.૧૫ | ભારતીય કિસાન સંઘ સાબરકાંઠા | ૯૪૨૬૨૫૮૯૦૦ | મેઘરજ તાલુકામાં વીજ લાઇનો લાંબી હોઇ પાવર પુરતો ન મળવાના કારણે ખેડૂતોને તકલીફ રહે છે. તો નવીન સબ સ્ટેશન મંજૂર કરવાની માગણી છે | મોડાસા‌મેઘરજ | શ્રી જી કે બરંડા ૯૮૭૯૨૦૧૭૦૬ | વધતા જતાં વીજમાંગને પહોચી વળવા માટે વીજ વ્યય અટકાવવા તથા ગુણવતાસભર વીજ પુરવઠો પૂરો પાડવાનાં હેતુસર નવીન સબસ્ટેશનો બનાવવામાં આવતાં હોય છે. મેઘરજ તાલુકામાં વર્ષ ૨૦૧૪-૧૫ માં નવા ગામ (ઇસરી) ગામે ૬૬કેવી સબ સ્ટેશન કાર્યન્વિત કરેલ છે. હાલમાં લિંબોદરા ગામે નવીન સબ સ્ટેશનનું કામ ચાલુ છે. જે પૂર્ણ થવાનાં આરે છે. વધુમાં સદર રજૂઆત જેટકો ને લગતી હોઈ સબંધિત અધિકારીશ્રીને જાણ કરેલ છે. | નિકાલ |